# ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ

વાહન વ્યવહાર ભવન, મધ્યસ્થ કચેરી, આસ્ટોડીયા, અમદાવાદ – ૨૨

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ ધ્વારા નીચે જણાવેલ જગ્યા માટે ઉમેદવારો પસંદ કરવા માટે ઓન લાઇન અરજીઓ મંગાવવામાં આવે છે. આ માટે ઉમેદવાર http://ojas.guj.nic.in પર **તારીખ ૧૬/૭/૨૦૧૧** અથવા ત્યાર બાદ ઓનલાઇન અરજી કરી શકશે. ઉમેદવારે જેમાં photo ૧૦ KB અને signature ૧૦ KB સાઇઝથી વધારે નહિ તે રીતે jpg format માં scan કરી અરજીપત્રકમાં અપલોડ કરવાનો થશે.

**કક્ષાનું નામ :- ડ્રાયવર**

**ફીકસ પગાર – પાંચ વર્ષ માટે રૂ. ૪૫૦૦/-**

**કુલ જગ્યાઓ – ૧૨૯૭**

| **કુલ જગ્યામાંથી અનામત જગ્યાની સંખ્યા** | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| **કક્ષાવાર જગ્યાઓ** | | | | | **મહિલાઓ માટે અનામત** | | | |
| **અનુ. જાતિ** | **અનુ. જન જાતિ** | **સા.શૈ.પ. વર્ગ** | **એકસ સર્વિસ મેન** | **અન્ય** | **અનુ. જાતિ** | **અનુ. જનજાતિ** | **સા.શૈ.પ. વર્ગ** | **અન્ય** |
| ૮૮ | ૨૩૩ | ૩૦૪ | ૪૦ | ૨૫૬ | ૩૭ | ૯૯ | ૧૩૦ | ૧૧૦ |

| | | |
|---|---|---|
| ૧ | **વીઝન** | ચોખ્ખુ |
| ૨ | **વયમર્યાદા** | ૨૫ થી ૩૩ વર્ષ |
| ૩ | **શૈક્ષણિક લાયકાત** | ધોરણ – ૧૦ પાસ |
| ૪ | **વધારાની લાયકાત** | (૧) ધોરણ – ૧૨ પાસ<br>(૨) સ્નાતક |
| ૫ | **કોમ્પ્યુટરની જાણકારી** | કોમ્પ્યુટરની જાણકારી |
| ૬ | **ઉંચાઇ** | ઓછામાં ઓછી ૧૬૨ સે.મી.<br>(અનુ. જનજાતિના કિસ્સામાં ૧૬૦ સે.મી.) |
| ૭ | **અનુભવ** | હેવી લાયસન્સ પછીનો ડીઝલ સહિતના ભારે વાહન ચલાવવાનો ઓછામા ઓછો ચાર વર્ષનો અનુભવ |
| ૮ | **લાયસન્સ** | પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી તરફથી પબ્લીક વાહન ચલાવવાનું લાયસન્સ તથા બેઝ હોવો જરૂરી છે. |

## ભરતીની પ્રક્રીયા (વેઈટેજની ગણતરી) :- (૫૦ ગુણમાંથી ફાળવણી)

| | |
|---|---|
| ધોરણ – ૧૦ પાસ | ૧૫ ગુણ |
| ધોરણ – ૧૨ પાસ | ૦૫ ગુણ |
| સ્નાતક | ૧૦ ગુણ |
| કોમ્પ્યુટરની જાણકારી | ૦૫ ગુણ |
| **હેવી લાયસન્સ પછીનો ડીઝલ સહિતના ભારે વાહન ચલાવવાનો અનુભવ** | ૧૫ ગુણ મહત્તમ |
| • ૪૮ થી ૬૦ માસ સુધીનો અનુભવ - ૦૦ ગુણ<br>• ૬૦ માસ થી ૮૪ માસ સુધીનો અનુભવ - ૦૫ ગુણ<br>• ૮૪ માસ થી ૯૬ માસનો અનુભવ - ૧૦ ગુણ<br>• ૯૬ માસ કરતા વધારે અનુભવ - ૧૫ ગુણ | |

## અન્ય આવશ્યક સુચનાઓ :

- અરજદારની નિમણુંક ગુ.રા.મા.વા.વ્ય.નિગમના કોઈપણ વિભાગ / એકમ ખાતે કરવામાં આવશે.
- ઓનલાઈન અરજીપત્રક ભરવાની **છેલ્લી તારીખ (તા. ૧૫/૮/૨૦૧૧)** વયમર્યાદા નક્કી કરવાના હેતુ માટે તથા અનુભવની ગણતરી માટે ધ્યાનમાં લેવામાં આવશે.
- અનુ. જાતિ, અનુ. જનજાતિ તથા સા.શૈ.પ. વર્ગના ઉમેદવારોને મહ્ત્તમ વયમર્યાદામાં પાંચ વર્ષની છુટછાટ આપવામાં આવશે.
- મહ્ત્તમ વયમર્યાદામાં બિનઅનામત વર્ગના મહિલા ઉમેદવાર – પાંચ વર્ષ, અનામત વર્ગના મહિલા ઉમેદવારોને ૧૦ વર્ષ (૫ વર્ષ મહિલા + ૫ વર્ષ અનામત) છુટછાટ આપવામાં આવશે.

| **પુરુષ** | **અરજી કરવા માટે જન્મ નો સમયગાળો** | **મહિલા** | **અરજી કરવા માટે જન્મ નો સમયગાળો** |
|---|---|---|---|
| જનરલ | ૧૫/૮/૧૯૭૮ થી ૧૫/૮/૧૯૮૯ | જનરલ | ૧૫/૮/૧૯૭૩ થી ૧૫/૮/૧૯૮૯ |
| અનુ. જાતિ | ૧૫/૮/૧૯૭૩ થી ૧૫/૮/૧૯૮૯ | અનુ. જાતિ | ૧૫/૮/૧૯૬૮ થી ૧૫/૮/૧૯૮૯ |
| અનુ. જનજાતિ | ૧૫/૮/૧૯૭૩ થી ૧૫/૮/૧૯૮૯ | અનુ. જનજાતિ | ૧૫/૮/૧૯૬૮ થી ૧૫/૮/૧૯૮૯ |
| સા.શૈ.પ. વર્ગ | ૧૫/૮/૧૯૭૩ થી ૧૫/૮/૧૯૮૯ | સા.શૈ.પ. વર્ગ | ૧૫/૮/૧૯૬૮ થી ૧૫/૮/૧૯૮૯ |

- સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારો માટે નોન ક્રીમીલીયર સર્ટીફીકેટ તા. ૩૧-૩-૨૦૧૧ પછી ઈસ્યુ થયેલ હશે તે જ માન્ય ગણવામાં આવશે. અન્યથા આવા ઉમેદવારોને સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગનો લાભ મળવાપાત્ર રહેશે નહિં.
- માજી. સૈનિકો માટે તેમણે જેટલો સમય ફરજ બજાવેલ હોય તેટલો સમય છુટછાટ મળવાપાત્ર થશે પરંતુ મહ્ત્તમ વયમર્યાદા ૪૫ વર્ષથી વધવી જોઇશે નહિ.

- માજી સૈનિકની અનામતવર્ગની જગ્યા માટે જો લાયક માજી સૈનિક ન મળે તો તે જગ્યા જનરલ કેટેગરીના ઉમેદવારોથી ભરવામાં આવશે.
- મહિલાઓ માટે અનામત જગ્યા ઉપર ઉમેદવારો ઉપલબ્ધ નહિં થાય તો આ જગ્યાઓ સંબંધિત કેટેગરીના પુરૂષ ઉમેદવારોને ફાળવવામાં આવશે.
- અનામતવર્ગના ઉમેદવારો બિનઅનામત તરીકે અરજી કરશે તો તેમને વયમર્યાદામાં છુટછાટ મળશે નહિ કે અનામતનીતિનો કોઇ લાભ મળશે નહિ.
- અરજદારે અરજીપત્રકમાં દર્શાવેલ કેટેગરી (જાતિ) માં પાછળથી કેટેગરી (જાતિ) બદલવા અંગેની કોઇ રજુઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહિ.
- જાહેરાતમાં દર્શાવેલ અનામતની જગ્યાઓમાં રોસ્ટર નીતિ અને નિયત ટકાવારી અનુસાર ફેરફાર/ સુધારો કરવાની સત્તા નિગમને અબાધિત રહેશે.
- એક ઉમેદવારે એક જ અરજી કરવાની રહેશે. તેમ છતાં એક કરતા વધુ અરજી કરેલ હશે તો પણ ડ્રાઇવીંગ ટેસ્ટ એક જ વખત આપવાનો રહેશે.
- પાંચ વર્ષ માટે ફીકસ પગારની નિમણુંક આપવામાં આવશે અને પાંચ વર્ષ દરમ્યાનની સેવાઓ સંતોષકારક રીતે પુર્ણ થયેલ હશે તો જ નિયમિત નિમણુંક આપવામાં આવશે.
- ઉમેદવાર જો વધારાની શૈક્ષણિક લાયકાત ધરાવતા હોય તો તેની ડેટા એન્ટ્રી કરવાની રહેશે જેથી વેઇટેજની ગણતરી કરી શકાય.
- સંબંધિત આર.ટી.ઓ. તરફથી હેવી લાયસન્સ એટલે કે, એચ.જી.વી. / એચ.પી.વી. ઇસ્યુ થયા તારીખથી જ અનુભવ દર્શાવવાનો રહેશે. તે પહેલાનો દર્શાવેલ અનુભવ ગણતરીમાં લેવાનો રહેશે નહિ.
- હેવી લાયસન્સ મેળવ્યા બાદ દર ત્રણ વર્ષે રીન્યુઅલ થાય છે. રીન્યુઅલ સમયે ડીલે થયેલ સમયને બ્રેક તરીકે ગણવાનો રહેશે જે સમયગાળો અનુભવમાં દર્શાવવાનો રહેશે નહિ. તેમ છતાં કોઇ ઉમેદવારે બ્રેક સમયનો અનુભવ દર્શાવેલ હશે તો તે અનુભવના સમયમાંથી બાદ કરવામાં આવશે. તે કારણસર ઉમેદવારોના મેરીટ માર્ક્સમાં ફેરફાર થતો હશે તો કરવામાં આવશે જે ઉમેદવારોને બંધનકર્તા રહેશે.

- શૈક્ષણિક લાયકાત અને અનુભવના મળી લઘુત્તમ ૨૫ માર્કસ ધરાવતા ઉમેદવારોના જ ડ્રાઇવીંગ ટેસ્ટ લેવામાં આવશે જેમાં ઉમેદવારે પાસ થવા માટે ૩૭ માર્કસ મેળવવાના રહેશે.
- ડ્રાઇવીંગ ટેસ્ટમાં પાસ થયેલ ઉમેદવારોના જ દસ્તાવેજ ચકાસણી કરવામાં આવશે. દસ્તાવેજ ચકાસણી સમયે ઉપર દર્શાવ્યા મુજબ લાયસન્સ રીન્યુઅલમાં બ્રેક થયેલ હશે અને તેના કારણે ઉમેદવારોના મેરીટ માર્કસમાં ઘટાડો થવાથી ૨૫ કરતા ઓછા મેરીટ માર્કસ થશે તે તેવા ઉમેદવાર ડ્રાઇવીંગ ટેસ્ટમાં પાસ થયેલ હશે તો પણ નિમણુંક મેળવવા હક્કદાવો કરી શકશે નહિ.
- જે ઉમેદવારો સ્માર્ટકાર્ડ ધરાવતા હશે તેઓ ડ્રાઇવીંગ ટેસ્ટને પાત્ર થશે તો આર.ટી.ઓ. પાસેથી ઇન્ફોર્મેશન સર્ટીફીકેટ મેળવી રજુ કરવાનું રહેશે.
- ઉમેદવારે અરજીપત્રકમાં કોઇપણ વિગત ખોટી બતાવેલ હશે તો તેનું ઉમેદવારીપત્રક કોઇ પણ તબક્કે રદ કરવામાં આવશે અને તેને લાયકી ધોરણ મેળવેલ હશે કે ઉમેદવાર પસંદગી પામેલ હશે તો પણ તેની ઉમેદવારી આપોઆપ રદ ગણાશે.
- ભરતી પ્રક્રીયા દરમ્યાન રાજકીય કે અન્ય કોઈ રીતે ભલામણના પ્રયાસ કરનાર ઉમેદવારને ગેરલાયક ઠેરવી બાકાત રાખવામાં આવશે.
- નિગમ ધ્વારા યોજેલ આ ભરતી પ્રક્રિયામાં આખરી પસંદગી પામેલ ઉમેદવાર નિમણુંક સત્તાધિકારી ઠરાવે તે શરતોને આધિન નિમણુંક મેળવવાપાત્ર થશે.
- આ જાહેરાત કોઇપણ કારણસર રદ કરવાની કે તેમાં ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થશે તો તેમ કરવાનો નિગમને સંપુર્ણ હક્ક / અધિકાર રહેશે અને નિગમ આ માટે કારણ આપવા બંધાયેલ નથી.

## **અરજી કરવાની રીત :**

આ જાહેરાતના સંદર્ભમાં નિગમ ધ્વારા ઓનલાઇન અરજી જ સ્વીકારવામાં આવશે. તમો તારીખ ૨૮/૬/૨૦૧૧ થી ૧૮/૭/૨૦૧૧ સુધી (રાત્રિના ૧૧:૫૯ કલાક સુધી) http://ojas.guj.nic.in પર અરજીપત્રક ભરી શકશો. તમોએ (૧) સૌ પ્રથમ http://ojas.guj.nic.in પર જવુ હવે (૨) "Apply Online Click કરવુ. (૩) ડ્રાયવર કક્ષા પર click કરવાથી તે જગ્યાની વિગતો / અન્ય માહિતી મળશે. (૪) તેની નીચે Apply Now પર click કરવાથી Application ના Format ખુલશે જેમાં સૌ પ્રથમ Personal Details તમોએ ભરવી. **(અહિં લાલ કુંદડી (*) નિશાની હોય તેની વિગતો ફરજીયાત ભરવાની રહેશે.)** (૫) Personal Details ભરાયા બાદ Minimum Educational Details ભરવા માટે Educational Qualification પર Click કરવું. (૬) વધારાની લાયકાત દર્શાવવા માટે Additional Educational તથા Add More Education ઉપર Click કરીને તેની વિગતો ભરવી. (૭) અનુભવની વિગતમાં એચ.જી.વી. / એચ.પી.વી. ઇસ્યુ થયા તારીખથી જ અનુભવ દર્શાવવાનો રહેશે. તે પહેલાનો દર્શાવેલ અનુભવ ગણતરીમાં લેવામાં આવશે નહિ. **(રીન્યુઅલ સમયે ડીલે થયેલ સમયને બ્રેક તરીકે ગણવાનો રહેશે જે સમયગાળો અનુભવમાં દર્શાવવાનો રહેશે નહિ)** (૮) કોમ્પ્યુટરની જાણકારી માટેની લાયકાત ભરવા માટે Computer knowledge ઉપર Click કરીને તેની વિગતો ભરવી. (૯) તેની નીચે Self declaration પર Click કરો ત્યાર બાદ (૧૦) ઉપરની શરતો સ્વીકારવા માટે "Yes" પર Click કરવું. હવે અરજી પુર્ણ રીતે ભરાઇ ગયેલ છે. (૧૧) હવે Save પર Click કરવાથી તમારી અરજીનો Online સ્વીકાર થશે. (૧૨) અરજી કર્યા બાદ તમારો Application Number Generate થશે. જે તમારે સાચવીને રાખવાનો રહેશે. (૧૩) હવે Upload Photograph પર Click કરો. અહી તમારો Application Number type કરો અને તમારી Birth date type કરો ત્યાર બાદ OK પર Click કરો. અહિં Photo અને Signature Upload કરવાના છે. (Photoનું માપ ૫ સે.મી. ઉંચાઇ અને ૩.૬ સે.મી. પહોળાઇ અને Signatureનું માપ ૨.૫ સે.મી. ઉંચાઇ અને ૭.૫ સે.મી. પહોળાઇ રાખવી.) (Photo અને Signature Upload કરવા સૌ પ્રથમ તમારો Photo અને Signature jpg format માં (10 KB સાઇઝથી વધારે નહિ તે રીતે) computer માં હોવા જોઇએ.) "Browse" button પર click કરો હવે Choose file ના સ્ક્રીનમાંથી જે ફાઇલમાં jpg format માં તમારો photo

store થયેલ છે તે ફાઇલને select કરો અને "open" button ને click કરો. હવે તમારો photo દેખાશે. હવે આ જ રીતે signature પણ upload કરવાની રહેશે. (૧૪) હવે પેજના ઉપરના ભાગમાં "Confirm Application" પર click કરો અને Application number તથા birth date ટાઇપ કર્યા બાદ ok પર ક્લિક કરવાથી ૨ બટન (૧) Show application preview અને (૨) Confirm application દેખાશે. ઉમેદવારે show application preview પર click કરી પોતાની અરજી જોઇ લેવી. અરજીમાં સુધારો કરવાનો જણાય તો edit કરી લેવુ. જો અરજી સુધારવાની જરુર ન જણાય તો confirm application પર click કરો તેથી તમારી અરજીનો નિગમમાં online સ્વીકાર થઇ જશે. **(અરજી Confirm કરવી ફરજીયાત છે.)** અહિં **"confirmation number"** generate થશે જે હવે પછીની બધી જ કાર્યવાહી માટે જરુરી હોઇ તમારે સાચવવાનો રહેશે. (૧૫) હવે print application પર click કરવું. તમે કરેલ અરજીની જાહેરાત પસંદ કર્યા બાદ તમારો **"confirmation number"** type કરીને જન્મ તારીખ નાંખવાથી print બટન મળશે print બટન પર click કરી અરજીની પ્રિન્ટ કાઢી સાચવી રાખવી.